સુવિચાર
''ચાલવું જેમ ફાયદાકારક છે એમ ઘણી વસ્તુઓ વિનાં ચલાવી લેવું પણ ફાયદાકારક છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૧૬ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૧૦/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ્ શિવમ્ સુંદરમ્

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એકસપ્રેસ

www.amreliexpress.com
નૂતન વર્ષાભિનંદન
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ
PENDAWALA
સ્પે.ઉંધિયુ
ખાંડવી, ઢોકળા,
રસપાત્રા, ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ-૧ વર્ષ : ૧૬ અંક : ૨૬૫


## અંક બંધ... અમરેલી એકસપ્રેસ'' કાર્યાલય

નૂતનવર્ષ, ભાઈબીજનાં તહેવારોને અનુલક્ષીને ૨૬ ઓકટોમ્બર ને રવિવાર સુધી બંધ રહેશે. હવે પછીનો અંક ૨૮ ઓકટોમ્બર ને મંગળવાર ના રોજ પ્રસિધ્ધ થશે. જેની અમારા વાંચકો વિજ્ઞાપનદાતાઓ અને એજન્ટબંધુઓએ નોંધ લેવા વિનંતી...

વ્યવસ્થાપક






એક જુથ પરાજિત થતાં વિજેતા જુથને ધમકી આપતા ફરિયાદ નોંધાયા બાદ પૂનઃ ડખ્ખો

# લીલીયા મોટાનાં સલડી ગામે તહેવારનાં માહોલમાં ગ્રામ પંચાયતની ચૂંટણીનાં મનદુઃખને લઈને ૨ જુથ ટકરાયા

## બંને જુથનાં કુલ ૨૮ વ્યકિતઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ



અમરેલી, તા. ૨૧

લીલીયા તાલુકાનાં સલડી ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીનાં મનદુઃખના કારણે ખોબા જેવડા ગામમાં બે જુથ વચ્ચે સશસ્ત્ર મારામારી થતાં ભારે ચકચાર મચી જવા પામેલ છે. આ જુથ અથડામણમાં પોલીસે બંને જુથની સામસામી ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

લીલીયા તાલુકાનાં સલડી ગામે રહેતા આરોપી પાર્થ અશોકભાઈ ડેર તથા તેના સાગરીતો ગત ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તેમની પેનલ હારી જતાં મતગણતરીનાં દિવસે તે જ ગામે રહેતા પ્રજ્ઞેશભાઈ રમેશભાઈ રામાણીને માર મારેલ હોય. જે બાબતે પ્રજ્ઞેશભાઈએ લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ હતી તેમજ થોડા સમય પહેલા પણ આરોપીએ પ્રજ્ઞેશભાઈ રામાણી સાથે માથાકૂટ કરેલ હોય. જેથી પ્રજ્ઞેશભાઈ રામાણી આરોપી વિરૂધ્ધમાં પોલીસ ફરિયાદ કરવા લીલીયા પોલીસ સ્ટેશન ગયેલ હતા. ત્યારે તેમના કૌટુંબિક અંકિતભાઈ ભુપતભાઈ રામાણી તેમની સાથે ફરિયાદ કરવા ગયેલ હોવાની જાણ આરોપીને થતાં આ અંગેનું મનદુઃખ રાખી અંકિતભાઈ ભુપતભાઈ રામાણીનાં પરિવારને મારી નાખવાના ઈરાદે આરોપીઓએ એક સંપ કરી, ગેરકાયદે મંડળ બનાવી લોખંડની પાઈપ, લાકડાના ધોકા, બેટ, કાચની બોટલ, લાકડી જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી અંકિતભાઈ ભુપતભાઈ રામાણી પાસે જઈ જેમફાવે તેમ ગાળો આપી, હથિયારોથી આડેધડ માર મારી આરોપીએ હાલ સુરત ગામે રહેતા ભુપતભાઈ જીવાભાઈ સમાણીને જાનથી મારી નાખવાના ઈરાદે તેમના માથાના ભાગે બેટનો ઘા મારી માથામાં જીવલેણ ઈજા કરી તથા આરોપીઓએ અક્ષીલભાઈની ડાબી આંખ તથા જડબા ઉપર જમણી તરફ કાચની બોટલ મારી ગંભીર ઈજા કરી હતી. આ બનાવમાં ઘવાયેલા લોકોને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાતા લોકોના ટોળેટોળા હોસ્પિટલ ખાતે ઉમટી પડયા હતા. આ અંગે ભુપતભાઈ જીવાભાઈ સમાણી નામના ખેડૂતે તે જ ગામે રહેતા ૧૮ જેટલા શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે આ જ બનાવમાં સામાપક્ષે સલડી રહેતા જગદીશભાઈ ઉર્ફે જગુભાઈ ડેરે પણ આરોપી પ્રજ્ઞેશભાઈ રમેશભાઈ રામાણી સહિત ૮ સામે લીલીયા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બંને જુથની ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.




### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલ આંતર કોલેજ સ્પર્ધામાં

# અમરેલી ખાતેની મોંઘીબા મહિલા કોલેજની વિદ્યાર્થીનીની વિશેષ સિદ્ધિ

## સુહાના સોલંકી નામની વિદ્યાર્થીનીએ ૩જો ક્રમાંક પ્રાપ્ત કર્યો



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા આટ્ર્સ કોલેજ, અમરેલીની વિદ્યાર્થીની સુહાના સોલંકી (ટી.વાય.બી.એ.)એ તા. ૦૬/૧૦/૨૫ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા યોજાયેલ આંતર કોલેજ શુટીંગ સ્પર્ધામાં ભાગ લીધેલ, જેમાં સુહાનાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે.

ત્રણ વર્ષની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આંતર કોલેજ સ્પર્ધામાં ત્રીજો ક્રમ આ ખેલાડીએ મેળવેલ છે. હવે યુનિવર્સિટીની ટીમ વતી નવેમ્બર–૨૦૨૫માં ઉત્તરપ્રદેશ ખાતે યોજાનાર ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી કક્ષાએ રમવા જનાર છે. તેમની આ વિશેષ સિદ્ધિ બદલ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયત, સમગ્ર ટ્રસ્ટીગણ તથા તમામ કોલેજ સ્ટાફ પરિવારે સુહાના સોલંકી તથા તેને સતત માર્ગદર્શન પુરૂ પાડનાર શારીરિક શિક્ષણ વિભાગના ડો. જયશ્રીબેન મકવાણાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.

# સાવરકુંડલા : ઇંગોરિયાની રમત માટે ઇંગોરિયા પાર્ક બનાવવાની યોજના પર વિચાર



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલાઅસલીઓળખ સમીનાવલીઅનેઈંગોરિયાસંદર્ભેતેમની ઓળખરાષ્ટ્રીયઅનેઆંતરરાષ્ટ્રીયસ્તરે પ્રસ્થાપિત કરવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા લોકસહયોગસાથે સતતસંપર્કમાંરહીનેસતતપ્રયત્નશીલરહે છેત્યયારેઈંગોરિયાજેવીશૌર્યઅનેસાહસ સભર રમત માટે યોગ્ય પ્લેટફોર્મ પુરૂ પાડવા માટે કવાયત હાથ ધરી છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાસાથેએકટેલીફોનીકવાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે ઈંગોરિયાએ સાવરકુંડલાની ઓળખ છે. આ રમતને વૈશ્વિકસ્તરેઓળખપ્રસ્થાપિતકરવામાટે અહીંના બુધ્ધિજીવો, સામાજિક કાર્યકર સંતો મહંતો સાથે ચર્ચા કરી ઈંગોરિયાની રમત માટે ઈંગોરિયા પાર્ક બનાવવાની યોજના પર વિચાર કરવાની શકયતાઓ સેવાઈ રહી છે. આ ઈંગોરિયાની રમતને અંદાજિત૯૮ વર્ષથયાછેએટલેબીજાવર્ષે આસંદર્ભેશતાબ્દીમહોત્સવઉજવવાપણ ધારાસભ્ય મહેશભાઈએ મન બનાવી લીધુંછેએવુંજાણવામળેછે. લોકોનેતકલીફ ન પડે અને ઈંગોરિયાની રમતમાં હિસ્સો લેતા આ રમતપ્રેમીઓ પણ ઈંગોરિયાની રમતમનભરીનેરમીશકેતેસંદર્ભમાંકોઈ ઠોસયોજનાવિચારાધીનથઈ શકે છે.

### ડી.જી. મહેતા પરિવાર દ્વારા વાર્ષિક આયોજન

# અમરેલીમાં ૨૬ ઓક્ટોબરથી ૧ નવેમ્બર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાશે

## શાસ્ત્રી વિપુલભાઈ વ્યાસ કથાનુ રસપાન કરાવશે

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં શિક્ષણ પ્રેમી અને બ્રહ્મસમાજનાં અગ્રણી ડી.જે. મહેતા પરિવાર સર્વે પિર્તુ મોક્ષાર્થે આગામી ૨૬ ઓકટોબર થી ૧ નવેમ્બર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન સમસ્ત બ્રાહ્મણ બોર્ડિંગ અમરેલી ખાતે દરરોજ બપોરે ૩ થી સાંજના ૭ સુધી વ્યાસપીઠ પરથી શાસ્ત્રી વિપુલભાઈ વ્યાસ કથાનું રસપાન કરાવશે. કથા દરમિયાન નરસિંહ પ્રાગટય, વામન જન્મ, રામ જન્મ, કૃષ્ણ જન્મ, ગોવર્ધન પૂજા, રૂક્ષ્મણી વિવાહ સહિતનાં પ્રસંગો ઉજવાશે સર્વે ધાર્મિકજનોને લાભ




લેવા ડી.જી. મહેતા પરિવારે અનુરોધ કરેલ છે.





જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




































# શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

"સ્વચ્છતા ત્યા પ્રભુતા" "સ્વચ્છ બાબરા" "સુંદર બાબરા"

## બાબરા નગર સેવા સદન – બાબરા

નગરપાલિકા દ્વારા "સર્વનો સાથ શહેરનો વિકાસ" "સ્વચ્છ બાબરા, સુંદર બાબરા" ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન ના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઇએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
(૯) કોરોના વાયરસનાં સંક્રમણથી બચવા સરકારશ્રીની ગાઇડલાઇનનું બિનચુક પાલન કરીએ.

:: શુભેચ્છક ::



**શ્રી પ્રવિણભાઈ કરકર**
પ્રમુખશ્રી

**શ્રી અંકુરભાઈ જસાણી**
ઉપપ્રમુખશ્રી





**શ્રી આર.બી. વેકરીયા**
ચીફ ઓફિસર

**શ્રીમતિ લીલાબેન એ. મકવાણા**
ચેરમેન : કારોબારી સમિતિ



**નગરપાલિકાના સભ્યશ્રીઓ..**

શ્રીમતિ જીજ્ઞાસાબેન ભુપતભાઈ સકોરીયા
શ્રીમતિ પ્રતીક્ષાબેન મુળશંકર તેરૈયા
શ્રી ધર્મેશભાઈ લાભુભાઈ વાવડીયા
શ્રી બાવકુભાઈ દેવકુભાઈ બસીયા
શ્રીમતિ સોનીબેન અરવિંદભાઈ પરમાર
શ્રીમતિ ઉમાબેન વનરાજભાઈ વાળા
શ્રી વનરાજભાઈ વાલેરાભાઈ વાળા
શ્રી રમેશભાઈ છગનભાઈ તેરૈયા
શ્રીમતિ શિલ્પાબેન દિપકભાઈ સિંઘવ
શ્રીમતિ કમળાબેન ભુપતભાઈ બસીયા
શ્રી નરેશભાઈ લખમણભાઈ મારૂ
શ્રી ખોડાભાઈ ભીખાભાઈ મકવાણા
શ્રીમતિ આશાબેન વસંતભાઈ તેરૈયા
શ્રીમતિ વસીલાબેન આસીફભાઈ વાળા
શ્રી જગુભાઈ એભલભાઈ ખાદા
શ્રીમતિ કિંજલબેન ગંભીરસિંહ સોલંકી
શ્રી નિતિનભાઈ ચિમનભાઈ દસલાણીયા
શ્રીમતિ અનિતાબેન મહેશભાઈ ચૌહાણ
શ્રી ભરતભાઈ બાબુભાઈ રંગપરા
શ્રી શંભુભાઈ માવજીભાઈ પાંચાણી
શ્રીમતિ રેખાબેન લલીતભાઈ આંબલીયા

---

# શુભ દીપાવલી
એવમ્
# નૂતન વર્ષાભિનંદન

દીપો નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ અપાર,
લક્ષ્મીજી વિરાજે આપને દ્વાર, અમારી શુભકામનાઓ કરો સ્વીકાર,
શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...



... શુભેચ્છક ...

**શ્રી મહેશ કસવાલા**
ધારાસભ્ય
સાવરકુંડલા-લીલીયા (ગુજરાત)
પ્રદેશ મંત્રી
ગુજરાત-ભાજપા

---

"સ્વચ્છતા ત્યા પ્રભુતા" "સ્વચ્છ અમરેલી" "સુંદર અમરેલી"

## અમરેલી નગર સેવા સદન – અમરેલી

**દીપાવલી તેમજ નૂતનવર્ષ નિમિત્તે ખુબ ખુબ શુભકામનાઓ**

નગરપાલિકા દ્વારા "સર્વનો સાથ શહેરનો વિકાસ" "સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી" ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. દીપાવલી તેમજ નૂતનવર્ષ-૨૦૮૨ નિમિત્તે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઇએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
(૯) નગરપાલિકા વિસ્તારમાં કોઈપણ ખોદકામ કરતા પહેલા નગરપાલિકાની પુર્વ મંજુરી મેળવવી જરૂરી છે.

**શુભેચ્છક**

**બિપીનભાઈ એસ.લીંબાણી**
પ્રમુખ
અમરેલી નગરપાલિકા
અમરેલી

**બિનાબેન વિશાલભાઈ કાલેણા**
ઉપપ્રમુખ
અમરેલી નગરપાલિકા
અમરેલી

**મનીષભાઈ એચ. ધરજીયા**
અધ્યક્ષ
કારોબારી સમિતિ
અમરેલી નગરપાલિકા - અમરેલી

**વિનોદ સી. રાઠોડ**
ચીફ ઓફીસર
અમરેલી નગરપાલિકા
અમરેલી

તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ

અમરેલી નગર સેવા સદન - અમરેલી

---

# શુભ દીપાવલી
એવમ્
# નૂતન વર્ષાભિનંદન

આ શુભદિવાળી પર રોશની નો ઉત્સવ
તમને અને તમારા પરિવારના જીવનને
વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક
શુભકામનાઓ.....



: શુભેચ્છક :

**શ્રી જનક તળાવીયા**
ધારાસભ્યશ્રી
લાઠી-બાબરા મત વિસ્તાર

## રાજયપાલ આચાર્ય દેવવ્રતની ગરિમામય ઉપસ્થિતિમાં

# દુધાળા ગામે ગાગડિયો નદી પર નિર્મિત બે તળાવનું લોકાર્પણ કરાયુ

**નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે લીધેલા પગલાથી પાણીની સમસ્યા ભૂતકાળ બની : રાજયપાલ**

**ગાગડિયો નદી પર થયેલ જળસંચયનું કાર્ય અન્ય જિલ્લાઓ માટે પ્રેરણારૂપ**

**ઉર્જા અને કાયદો-ન્યાય રાજયમંત્રી કૌશિક વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિ**

**પ્રકૃતિનું સંવર્ધન અને જતન કરીને કુદરતી સંપત્તિનાં સદ્‌ઉપયોગ સાથે દીર્ઘાયુ જીવન જીવવાનો સંદેશ આપ્યો**






અમરેલી, તા. ૨૧

લાઠીતાલુકાનાદુધાળાગામે ધોળકિયાફાઉન્ડેશનદ્વારાગાગડિયોનદી પર નિર્મિત બે તળાવનો લોકાર્પણ સમારોહઅનેકથામહોત્સવરાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદો અને ન્યાય, સંસદીય અને વૈધાનિક બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા સમારોહમાં રાજયપાલે તાલુકામાં ગાગડિયો નદી પર થયેલા જળસંચયના કાર્યને બિરદાવ્યું હતું. તેમણે ગાગડિયો નદી પર રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે ૫૪ કિલોમીટર લાંબી નદીને ઊંડી અને પહોળી કરવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે, જે અન્ય જિલ્લાઓ માટે પ્રેરણારૂપ છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે પ્રેરક ઉદ્બોધન કરતા રાજયપાલે જણાવ્યું હતું કે, રાજયમાં વર્ષ ૨૦૦૦ પહેલા સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ખૂબ ગંભીર હતી. ટ્રેન મારફત પીવાનું પાણી પહોંચાડવામાં આવતું હતું. ઘરની મહિલાઓને પીવાના પાણી માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ત્યારે જનતાની પીવાના પાણીની સમસ્યાને દૂર કરવા માટે નરેન્દ્રભાઈ મોદીના તત્કાલીન મુખ્યમંત્રી તરીકેના શાસનકાળમાં અસરકારક પગલાંઓ લેવામાં આવ્યા હતા. તેમના દૂરંદેશી ભર્યા નિર્ણયોને કારણે આજે સૌરાષ્ટ્ર માટે પીવાના પાણીની સમસ્યા ભૂતકાળ બની છે. લાઠીના દુધાળાની આ ધરતી પરથી પસાર થતી ગાગડિયો નદી સુકાયેલી અને નિર્જીવ હતી. આ નદીને પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાએ નવપલ્લિત કરવાનું સત્કાર્ય કર્યુ છે.

રાજયમાં પ્રાકૃતિક કૃષિની આહલેક જગાડનાર રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ખેતીમાં યુરિયા અને ડી.એ.પી સહિત જંતુનાશક દવાઓના અતિરેકથી લોકોનું સ્વાસ્થ્ય જોખમમાં મુકાયું છે ત્યારે પ્રકૃતિનું સંવર્ધન અને જતન કરીને કુદરતી સંપતિના સદુપયોગ સાથે દીર્ઘાયુ જીવન જીવવાનો સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે રાજયમંત્રી તરીકે જવાબદારી પ્રાપ્ત કરવા બદલ અમરેલી-વડિયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

રાજયપાલે ધાર્મિક સમારોહમાં ઉપસ્થિત અમરેલી જિલ્લાના નાગરિકોને દિવાળી અને નૂતન વર્ષની શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરિયા, લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ધોળકિયા ફાઉન્ડેશનના સંથાપક સવજીભાઈ ધોળકિયા અને તેમના પરિવારજનો, અમરેલી જિલ્લાના નાગરિકો ઉપસ્થિતિ રહ્યા હતા.

### શહેરનાં હાર્દસમાં વિસ્તાર સીનિયર સિટીઝન પાર્ક ખાતે રાત્રિનાં

# અમરેલીમાં આગામી રવિવારે સાંજે વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની ગુજરાત જોડો જનસભા યોજાશે

**શહેરીજનો, ખેડૂતો, શ્રમિકો, યુવાનો અને મહિલાઓની વ્યથાને વાચા આપશે**



અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતે આગામી રવિવારે સાંજે વિસાવદરનાં આમ આદમી પાર્ટીનાં ધારાસભ્ય અને તેજાબી વકતા ગોપાલભાઈ ઈટાલીયા તેમજ પ્રદેશ અગ્રણી મનોજ સોરઠીયા, જિલ્લાના ''આપ'' અગ્રણી કાંતિભાઈ રાતાસીયા, જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાની ઉપસ્થિતિમાં ગુજરાત જોડો જનસભાનું આયોજન સીનિયર સિટીઝન પાર્ક ખાતે રાત્રિનાં ૮ કલાકે યોજાશે.

આ જનસભામાં જિલ્લાનાં ખેડૂતો, શ્રમિકો, બેરોજગાર યુવાનો, મહિલાઓ, વેપારીઓને પીડા આપતાં પ્રશ્નોને વાચા આપવાનો પ્રયાસ કરાશે. સમગ્ર જિલ્લાની જનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# દેવું હોય એ દેજો, આ જમરૂખ સારા છે



આત્મસંતોષ એ જીવન વ્યતીત કરવા માટે સર્વોતમ ટોનિક છે. દીવાળી વીતી ગઈ. આજે વર્ષનો દિવસ અર્થાત ધોકો હોવાથી લોકોએ નવા વર્ષના ઈંતેજાર માટે વધુ ચોવીસ કલાક રાહ જોવી પડશે. આજે સવારે સાવરકુંડલાની એક સોસાયટીમાં એક વયોવૃધ્ધ દાદા એક ટોપલો ભરીને જમરૂખ વેચવા નીકળ્યા હતા પરંતુ આ જીવ ખૂબ સંતોષ હોય ગ્રાહકોને ઈશ્વરનું સ્વરૂપ સમજીને જમરૂખ તાજા છે. લેવા હોય તો લઈ લેજો નો સાદ પાડીને લોકોને જમરૂખ લેવા માટે નિમંત્રણ પાઠવતા હતા. વધુમાં લોકો જયારે ભાવ પૂછતા ત્યારે તમારે જે આપવું હોય તે આપો. એકદમ સંતોષ સ્વભાવ સાથે લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા. આજની ગળાકાપ હરીફાઈના ધંધામાં આવા સંતોષી વેપારી ફેરિયાઓ જવલ્લે જ જોવા મળે છે. આજના યુગમાં પોતાની પ્રોડકટ વેચવા અમુક વિતરણ લલચામણી જાહેરાતો પણ કરતાં હોય છે. ત્યારે આ સીધા સાદા વેપારી ગ્રાહકને સંતોષકારક સેવા આપે છે.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

**જિલ્લામાં વિવિધ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવે તે માટે દિશાનિર્દેશ**

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જનપ્રતિનિધિઓના વિવિધ વિસ્તારના પેન્ડિંગ પ્રશ્નો જેમ કે, રોડ-રસ્તાઓ, પાણી, વીજ, ગૌચર જમીન પરના દબાણો સહિતના નાગરિકલક્ષી પ્રશ્નો અન્વયે તેના નિકાલ માટેની સૂચનાઓ ઉપસ્થિત સંબંધિત અધિકારીને આપી હતી.

જિલ્લા કલેકટરે નાગરિકોના પ્રશ્નોના સકારાત્મક નિરાકરણ કરવા માટે સંબંધિત કચેરીઓના વડાઓને જરૂરી સંકલન કરવા જણાવ્યું હતું.

આગામી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સરદાર પટેલ જન્મ જયંતીની ઉજવણી હાથ ધરવામાં આવશે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રસંગે યુનિટી માર્ચનું આયોજન હાથ ધરવામાં આવશે. જે અન્વયે જિલ્લા કલેક્ટરે વિવિધ પ્રાંત અધિકારીને જરૂરી કામગીરી હાથ ધરવા સૂચનાઓ આપી હતી. જિલ્લા કલેક્ટરે જિલ્લાના સૌ અધિકારીઓ કર્મચારીઓને દિપાવલી પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, પ્રાંત અધિકારીઓ, માર્ગ અને મકાન (રાજય અને પંચાયત), સિંચાઈ, જળ સિંચન સહિત વિવિધ કચેરીઓના કાર્યપાલક ઈજનેરો, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપા પ્રમુખ કાનાણી અને સાંસદ સુતરીયા દ્વારા

# અમરેલીમાં ભાજપ કાર્યાલય ખાતે આજે સવારે ૧૦ કલાકે શુભેચ્છાઓનું આદાનપ્રદાન

**ભાજપ કાર્યકર્તાઓ, નાગરિકોને પધારવા અનુરોધ**




અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ભાજપા પ્રમુખ અતુલ કાનાણી અને સાંસદ ભરત સુતરીયા ધ્વારા સવારનાં ૧૦થી બપોરે ૧ સુધી શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરાશે.

ભાજપનાં કાર્યકર્તાઓ, શુભેચ્છકો અને નાગરિકોને પધારવા અનુરોધ કરવામાં આવેલ છે.

### માળા પહેરામણી અને યમુના મહારાણીજી લોટી ઉત્સવ સાથે

# વડિયા ખાતે ૨૪ ઓક્ટોબરે પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ પરિવાર દ્વારા અલૌકિક મનોરથ

**શુક્રવારે બપોરે ૪થી રાત્રિ સુધી અનેક કાર્યક્રમો યોજાશે**

અમરેલી, તા. ૨૧

વડિયા ખાતે પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ પરિવાર ધ્વારા ૨૪ ઓકટોબરને શુક્રવારે અલૌકિક મનોરથનું આયોજન કરવામાં આવેલ છે.

તેઓનાં કૃષ્ણપરા ખાતે આવેલ નિવાસસ્થાને શુક્રવારે બપોરે ૪ કલાકે પલનાનંદ મહોત્સ અને લોટી ઉત્સવ અને સાંજના ૫ કલાકે માળા પહેરામણી અને ૫:૩૦ કલાકે વચનામૃત અને ૬ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

# કેરીયા અને હરસુરપુર દેવળીયા ખાતે નિર્મિત બે સરોવરનું લોકાર્પણ કરતાં રાજયપાલ






અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના કેરિયા અને હરસુરપુર દેવળિયા ખાતે ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા નિર્મિત બે સરોવરનું લોકાર્પણ ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રત દ્વારા કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના લાઠી- લીલીયા તાલુકામાંથી પસાર થતી ૫૪ કિલોમીટર લાંબી ગાગડિયો નદી પર રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનદ્વારા જનભાગીદારીથી જળ સિંચનનું કાર્ય કરવામાં આવ્યું છે. જેના લીધે નદીની વહન ક્ષમતા અને સંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે. આ તકે રાજયપાલએ ગૌરી અને મંજુલા સરોવરનું લોકાર્પણ કરીને સવજીભાઈ ધોળકિયાએ સ્થાનિક ગ્રામજનોના હિતાર્થે તૈયાર કરેલા સરોવરના નિર્માણ કાર્યને બિરદાવ્યું હતું. વધુમાં તળાવનું નિરીક્ષણ કરીને સૌને દીપાવલી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ ક્ષણે ઊર્જા-પેટ્રોકેમિકલ, કાયદો-ન્યાય, સંસદીય અને વૈધાનિક બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, પ્રાંત અધિકારી, પદ્મ સવજીભાઈ ધોળકિયા અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

happy diwali

શ્રી એન.વી. જોશી એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત

## શ્રી સરસ્વતી કોલેજ - ગીરગઢડા

રેલ્વે સ્ટેશન પાસે, ગીર ગઢડા, જિ. ગીર સોમનાથ ૩૬૨ ૫૩૦



| ધો. ૧૨ પછીના અભ્યાસક્રમ | T.Y. પછીના અભ્યાસક્રમ |
|---|---|
| B.A | M.A. |
| B.Com. | M.Com |
| ANM (Nursing) | LL.B |
| SI | LL.M |
| અનુ. જાતિની આશ્રમશાળા (ધો ૧ થી ૮ ગ્રાન્ટેબલ) | B.Ed |

**જય સોમનાથ પેટ્રોલિયમ (નાયરા એનર્જી)**

ઉના-દિવ રોડ, દેલવાડા, તા. ઉના, જિ. ગીર સોમનાથ

:: શુભેચ્છક ::

નવલભાઈ નરસિંહભાઈ જોષી

ધર્મેન્દ્રકુમાર નવલશંકર જોષી - મો. ૯૮૨૪૨ ૯૪૭૦૦

વિક્રમકુમાર નવલશંકર જોષી - મો. ૯૮૭૯૫ ૭૬૨૦૧

---

નૂતન વર્ષાભિનંદનની શુભકામનાઓ..



:: શુભેચ્છક ::

**શ્રી પ્રકાશભાઈ બાંભણીયા**

પ્રમુખ

અષ્ટવિનાયક સેવા સહકારી મંડળી

મુ. સૈયદરાજપરા, તા. ઉના, જી. ગીર સોમનાથ.

---

## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

Diwali

આ તહેવાર સુખ,સંપતિ, આયુષ્ય, સલામતિ, સૌભાગ્ય, સમૃધ્ધિ અને સદભાવનાની અવિરત જયોત આપના જીવનમાં ઝગમગતિ રહે અને આપનો પરિવાર સંપૂર્ણ વૈભવથી પરિપૂર્ણ થાય એવી શુભેચ્છા...

::શુભેચ્છક::

**એક શુભેચ્છકશ્રી**

**ઉના તાલુકા**

મુ. ઉના, જી. ગીર સોમનાથ

---

## ચાણક્ય સાયન્સ સ્કૂલ - ઊના



CHANAKYA SCIENCE SCHOOL UNA

12 સાયન્સ બોર્ડની પરીક્ષાનું સાતત્યપૂર્ણ ઉત્કૃષ્ટ પરિણામ

હોસ્ટેલ સુવિધા માટે નવું જ અદ્યતન બિલ્ડીંગ

**શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ**

તમને અને તમારા સંપૂર્ણ વિદ્યાર્થીઓ પરિવારને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છા પ્રકાશનું આ પર્વ આપના જીવનમાં પ્રગતિ,ઉત્સાહ,આનંદ, સુખ અને શાંતિ લાવે એવી આચાર્યશ્રીઓ / શિક્ષકગણ તરફથી શુભકામનાઓ..

**શાળાની વિશેષતાઓ**

- શાળાના શિક્ષણ કાર્યને સ્થૈર્ય બક્ષતા કાયમી(સ્થિર) શિક્ષકો.
- ૩૦ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા સંચાલકો.
- ૧૦૦૦ + વિદ્યાર્થીઓનો મેડિકલ, એન્જિનિયરિંગ તથા અન્ય પ્રોફેશનલ અભ્યાસક્રમમાં પ્રવેશ.
- ખેલ મહાકુંભ, કલા મહાકુંભ તેમજ અન્ય સ્પર્ધાઓમાં જિલ્લા-રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન

- કે.જી. થી ધોરણ 12 સાયન્સ & સામાન્ય પ્રવાહ (અંગ્રેજી & ગુજરાતી માધ્યમ)
- ધો.11-12 (વિ./સા. પ્ર.)માં સરકારે નક્કી કર્યા મુજબનું ફીનું ધોરણ.
- બસ તથા હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ

આનંદનગર સોસાયટી, રેલ્વે ક્રોસિંગની બાજુમાં, દેલવાડા રોડ - દેલવાડા (ઊના)

9925333735 | 8306244483 | 8758910353 | www.chanakyascienceschool.org.in

---

## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

ઉના-ગીર ગઢડા તાલુકાના પ્રજાજનોને નવલું નૂતન વર્ષ આપના પરિવારજનો માટે સર્વ રીતે કલ્યાણકારી, સુખમય, નિરોગીમય તથા તંદુરસ્તીકારક રહે તેવી શુભકામના તેમજ નવલા વર્ષના નૂતનવર્ષાભિનંદન...

**ઈરફાનભાઈ સીદાતર**

મો. ૯૮૯૮૧ ૩૮૮૭૯ / મો. ૯૯૦૧૯ ૦૭૩૭૯

**હાજી ગનીભાઈ વાકોટ**

મુસ્લિમ અગ્રણી - મો. ૯૯૦૧૯ ૦૭૩૭૫

**સાહીદ વાકોટ**

મો. ૯૮૯૮૪ ૧૯૦૭૦

૯x૧૫, ૧૨x૧૫, પથ્થર પડદી, ટોળા રેતી, કાંકરી વગેરે માટે મળો

## ભારત સપ્લાયર્સ

**નવી મામલતદાર ઓફિસ સામે, ગીર ગઢડા રોડ, ઉના.**

---

## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ



**શ્રી ડાયાભાઈ જાલોંધરા**

:: કારોબારી ચેરમેન ::

જિલ્લા પંચાયત કચેરી

ગીરસોમનાથ

---

## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

ઇંડિયનઑयल

Indian Oil

## Maruti Petroleum

**Ketan A. Patel**

Dealer of : Indian Oil Corporation

S.H.98 - Gir Gadhada-362530

Gir Somnath

E-mail : marutipetro1312@gmail.com

---

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

ૐ જીવન જ્યોત આરોગ્ય સેવા સંઘ ઉના

## એવરેસ્ટ હોસ્પિટલ

મલ્ટી સુપર સ્પેશ્યાલીટી એવમ્

શ્રી મહેતા - શ્રીમીત ગાર્ડી અને ભાનુ જનરલ હોસ્પિટલ

તરફથી આપ સહુને

**શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન**

ॐ सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः,
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाग्भवेत्।
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

**પુલ પાસે, ભાવનગર રોડ, ઉના - ૩૬૨૫૬૦**

ફોન : ૦૨૮૭૫ ૨૨૧૪૮૨, www.everesthospital.org

---

## શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

નૂતન વર્ષ, નવા વિચાર, નવી આશા અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવારને સુખ, શાંતિ અને સમૃધ્ધિ આપે નૂતન વર્ષનો અરૂણોદય આપના જીવનને નિત્ય નવ્ય ઉર્જાથી ભરપૂર કરે તેવી નૂતન વર્ષની અનેક અનેક શુભકામનાઓ..

: ઋણ સ્વીકાર ::

Hero



૪૦ વર્ષો માં બે લાખથી વધુ સંતુષ્ટ ગ્રહાકોનો આભાર..

## મોઢેશ્વરી મોટર્સ (ગૃપ)

ઉના

Happy Diwali

Festival Of Light

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલ આંતર કોલેજ સ્પર્ધા

# અમરેલી : મોંઘીબા મહિલા કોલેજની ટીમ હોકી સ્પર્ધામાં ચેમ્પિયન થઈ

## સતત ત્રીજી વખત ચેમ્પિયન બની ગૌરવ વધાર્યુ



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા આર્ટ્સ કોલેજ, અમરેલીની મહિલા હોકી ટીમે તા. ૧૫/૧૦/૨૫ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા આયોજિત અને સખીદા કોલેજ લીંબડી દ્વારા સંચાલિત ઈન્ટર કોલેજ બહેનોની હોકી સ્પર્ધામાં ભાગ લીધેલ, જેમાં મોંઘીબા મહિલા કોલેજની ટીમે સતત ત્રીજી વાર ચેમ્પિયન બની કોલેજને વધુ એક સિધ્ધિ પ્રાપ્ત કરાવી કોલેજનું ગૌરવ વધારેલ છે.

આ સ્પર્ધામાં જોગીસા રૂબિના (કેપ્ટન), ખાન હસિના, સિંધવ કીર્તિ, સિંધવ જાગૃતિ, હપાણી ક્રિષા, રાઠોડ વૈશાલી, ગોજારીયા સેજલ, મકવાણા મિત્તલ, ચાવડા ધર્મિષ્ઠા, ચાવડા પેંજલતા, ચાવડા શિલ્પા, ગમારા અસ્મિતા, ગંગલ આરતી, મકવાણા ક્રિષ્ના, સૈયદ રેશ્મા વગેરે ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આગામી દિવસો દરમ્યાન યોજાનાર ઈન્ટર યુનિવર્સિટીની સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હોકીની ટીમ સાવિત્રીબાઈ ફુલે યુનિવર્સિટી (મહારાષ્ટ્ર) પુણેમાં રમવા જશે, જેમાં મોંઘીબા મહિલા કોલેજની છ ખેલાડીઓ જોગીસા રૂબિના, ખાન હસિના, સિંધવ જાગૃતિ, હપાણી ક્રિષા (ગોલ કિપર), રાઠોડ વૈશાલી તથા સિંધવ કીર્તિ પ્રતિનિધિત્વ કરશે.

આ ચેમ્પિયનશીપ માટે કોલેજના શારીરિક શિક્ષણ વિભાગના ડો. જયશ્રીબેન મકવાણાએ ખુબ જ જહેમત ઉઠાવી હતી. આ વિશેષ સિધ્ધિ હાંસલ કરવા બદલ ડો. જયશ્રીબેન મકવાણા તથા તમામ ખેલાડીઓને કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.જી.વી. વેલિયત, સમગ્ર ટ્રસ્ટીગણ તથા તમામ સ્ટાફ મિત્રોએ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

### પ્રતિ કિલોનો ભાવ માત્ર રૂપિયા ૩ મળતો હોય

# અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ગામનાં ખેડૂતે રોટાવેટર મશીન ફેરવીને ડુંગળીનો નાશ કર્યો

## ખેડૂતોની આવક બમણીને બદલે અર્ધી કરતા પણ ઓછી





અમરેલી, તા. ૨૧

અમરેલી નજીક આવેલ દેવભૂમિ દેવળીયા ગામે અનેક ખેડૂતોએ સારા ભાવો મળશે તેવી આશામાં હોંશેહોંશે ડુંગળીનુ વાવેતર કર્યુ, લોહી પાણી એક કરીને પાક તૈયાર કર્યો અને જયારે મહેનતનુ ફળ મેળવવાનુ આવ્યુ તો ડુંગળીનો ભાવ પ્રતી મણ ૬૦ રૂપિયા એટલે કે પ્રતિ કિલો માત્ર ૩ રૂપિયા થયો.

ખેડુતે અંતે કંટાળીને ડુંગળી ઉપર રોટાવેટર મશીન ફેરવીને તેમનો ભારે હૈયે નાશ કર્યો હતો. જગતાત ગણાતા ખેડુતો કપાસ, મગફળી સહિતનાં પાક તૈયાર કરે અને પોષણક્ષમ ભાવો મળતા ન હોય હવે ડુંગળી જેવા પાકોને લઈને ભાવો મળતા નથી.

### મૃતકના ભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવી

# જૂનાગઢમાં બ્લેકમેઈલરથી કંટાળી યુવાને કર્યો આપઘાત

## આરોપીઓએ પોતાને ભોપાલના સાયબર ક્રાઈમના વડા તરીકેની ખોટી ઓળખ આપી હતી

જૂનાગઢ,તા.૨૧

જૂનાગઢ જિલ્લાના ચોરવાડ વિસ્તારમાં એક હ્રદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં બ્લેકમેઈલિંગથી કંટાળીને એક યુવાને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે.

મૃતક યુવાન લાંબા સમયથી અમુક અજાણ્યા લોકોની ધમકીઓનો ભોગ બની રહ્યો હતો. આરોપીઓએ યુવાનને 'તમારા અશ્લીલ વીડિયો બનાવેલા છે' તેવું કહીને સતત ડરાવી રહ્યા હતા. આ સતત માનસિક ત્રાસના કારણે યુવાન હતાશ થઈ ગયો હતો અને અંતે તેણે આત્મહત્યા જેવું ગંભીર પગલું ભર્યું હતું. યુવાનના અકાળે મોતથી તેના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.બ્લેકમેઈલરોએ યુવાનને ડરાવવા માટે એક ઘૃણાસ્પદ યુક્તિનો ઉપયોગ કર્યો હતો. આરોપીઓએ પોતાને ભોપાલના સાયબર ક્રાઈમના વડા તરીકેની ખોટી ઓળખ આપી હતી. આ ખોટી ઓળખ આપીને અને અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને તેમણે યુવાન પાસેથી નાણાંની માંગણી કરી હતી. ધમકીઓથી ડરી ગયેલા યુવાને તેમની માગણી મુજબ રૂપિયા ૨૪ હજાર જેટલી રકમ ઓનલાઈન ટ્રાન્સફર પણ કરી હતી. પૈસા આપ્યા પછી પણ બ્લેકમેઈલિંગ બંધ ન થતાં અને ધમકીઓ ચાલુ રહેતા યુવાન માનસિક રીતે ભાંગી પડ્યો હતો, જે આપઘાતનું મુખ્ય કારણ બન્યું.

આ ગંભીર ઘટના બાદ સમગ્ર મામલે મૃતક યુવાનના ભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં તેમણે બ્લેકમેઈલ કરનારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

પોલીસે ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે અને યુવાનના આપઘાત પાછળ જવાબદાર આરોપીઓને પકડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અને ફોન કોલ્સના આધારે આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર સાયબર બ્લેકમેઈલિંગ અને ઓનલાઈન ધમકીઓ સામે યુવાનો અને તેમના પરિવારોને જાગૃત થવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

### બંને વચ્ચે રિલેશનશિપની લાંબા સમયથી ચર્ચા હતી

# પલાશ મુચ્છલ મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના સાથે લગ્ન કરશે

મુંબઈ, તા.૨૧

સંગીતકાર, ગાયક અને ફિલ્મ સર્જક પલાશ મુચ્છલે પોતે ભારતની મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના સાથે લગ્ન કરી રહ્યો હોવાની ઓફિશિયલ જાહેરાત કરી છે. તાજેતરમાં એક ઈવેન્ટમાં પલાશે કહ્યું હતું કે સ્મૃતિ ટૂંક સમયમાં ઈન્દોરની વહુ બનવાની છે. જોકે, તેણે લગ્નની ચોક્કસ તારીખ જાહેર કરી ન હતી. પલાશ અને સ્મૃતિની રિલેશનશિપની ચર્ચા લાંબા સમયથી હતી. બંનેએ સોશિયલ મીડિયા પર તેમની અનેક સહિયારી તસવીરો પણ શેર કરી છે. જોકે, બંનેએ જાહેરમાં ક્યારેય તેમની રિલેશનશિપની સત્તાવાર ઘોષણા કરી ન હતી. પલાશ અનેક ફિલ્મોના ગાયક, સંગીતકાર તરીકે જાણીતો છે તે ઉપરાંત તે અને તેની સિંગર બહેન પલક મુચ્છલ બંનેના દેશવિદેશના સ્ટેજ શો પણ ભારે લોકપ્રિય છે. સ્મૃતિ હાલ ભારતની મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન અને ઓપનર છે.

### કદાચ મેં પરિસ્થિતિને જરૂર કરતાં વધારે હળવાશથી લીધી હતી : સ્મૃતિ

# સ્મૃતિ મંધાનાએ ઇંગ્લેન્ડ સામેની હારની જવાબદારી પોતાના શિરે લીધી

## ઇંગ્લેન્ડ સામેની મેચમાં કેટલાક શોટ સિલેક્શનમાં ખામી રહી હતી અને તેની શરૂઆત મારાથી થઈ હતીઃ મંધાના

ઈન્દોર, તા.૨૧

આઈસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે થયેલા ચાર રનના આઘાતજનક પરાજય બદલ ભારતીય ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ પોતાના શિરે જવાબદારી સ્વિકારી લીધી હતી. તેણે કબૂલ્યું હતુ કે તેની વિકેટ પડી તે સાથે ભારતનો ધબડકો થયો હતો અને ખેલાડીના શોટ સિલેક્શનમાં ખામી રહી હતી જેની શરૂઆત મારાથી થઈ હતી. અમે આથી સારી રમત દાખવી શક્યા હોત.વિમેન્સ વર્લ્ડ કપમાં ભારતનો આ સળંગ ત્રીજો પરાજય હતો. અગાઉ તે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા સામે એક સમાન અંતર એટલે ત્રણ ત્રણ વિકેટથી હારી ગયું હતુ તો રવિવારે તેનો ચાર રનના નજીવા તફાવતથી પરાજય થયો હતો.૨૮૯ રનના ટારગેટ સામે રમતાં ભારત એક સમયે સલામત સ્થિતિમાં હતું અને વિજય તરફ આગળ ધપી રહ્યું હતું. સ્મૃતિ મંધાનાએ શાનદાર ૮૮ રન ફટકાર્યા હતા જેમાં તેણે બે અગત્યની ભાગીદારી પણ નોંધાવી હતી. તેણે કેપ્ટન હરમનપ્રિત કૌર સાથે ૧૨૫ અને દિપ્તી શર્મા સાથે ૬૭ રનની ભાગીદારી નોંધાવી હતી. જોકે મંધાનાએ ૪૨મી ઓવરમાં ટીમનો સ્કોર ૨૩૪ હતો ત્યારે લિન્સે સ્મિથના બોલને લોંગ ઓફ પર લોફ્ટ કર્યો હતો અને તેમાં તે ચૂકી ગઈ હતી. આ ખરાબ શોટને કારણે ભારતને નુકસાન થયું હતું. આમ મંધાનાથી વિકેટના પતનની શરૂઆત થઈ હતી. ત્યાર બાદ રિચા ઘોષ કવર ડ્રાઈવ ફટકારવા જતાં આઉટ થઈ હતી તો ૫૦ રન ફટકારનારી દિપ્તી શર્મા સ્લોગ કરવાના પ્રયાસમાં આઉટ થઈ હતી. આમ ભારતે ત્રણ મહત્વની વિકેટો ગુમાવી દીધી હતી. મંધાનાએ ૮૮, હરમનપ્રિત કૌરે ૭૦ અને દિપ્તીએ ૫૦ રન ફટકાર્યા હતા.મંધાનાએ જણાવ્યું હતું કે આ સમયે તમામના શોટની પસંદગી સારી રહી ન હતી. અમે આથી સારી બેટિંગ કરી શક્યા હોત પરંતુ તેમાં અમે નિષ્ફળ રહ્યા એટલું જ નહીં પરંતુ આ ખરાબ શોટની શરૂઆત મેં કરી હતી. મારે થોડી ધીરજ રાખવાની જરૂર હતી. આમ આ પરાજયની જવાબદારી હું મારા શિરે લઈ રહી છું.રવિવારની મેચમાં ભારતના ચાર રનના પરાજય બાદ વાતચીત કરતાં મંધાનાએ જણાવ્યું હતું કે એક સમયે અમારે પ્રતિ ઓવર માત્ર છ રનની જરૂર હતી. અમે આ રીતે રમતને આગળ લઈ જઈ શક્યા હોત. હું મારી ઉપર જવાબદારી એટલા માટે લઈ રહી છું કેમ કે ટીમના ધબડકાની શરૂઆત મારાથી થઈ હતી. ખરેખર મારી યોજના હવામાં શોટ નહીં ફટકારવાની હતી પરંતુ મેં જ તેનું પાલન કર્યુ ન હતું અને મારી યોજનામાંથી ફરી ગઈ હતી.કદાચ મેં પરિસ્થિતિને જરૂર કરતાં વધારે હળવાશથી લીધી હતી જેનું પરિણામ ટીમે ભોગવવું પડ્યું હતું તેમ કહીને મંધાનાએ ઉમેર્યું હતું કે મારે થોડી વધારે ધીરજ રાખવાની જરૂર હતી. હું મારી જાતને સતત કહેતી રહેતી હતી કે મારે ધીરજ રાખવાની છે પરંતુ મેં જ ધીરજ ગુમાવી હતી.

### જૂનાગઢમાં દિવાળીની રાત્રે લોહીયાળ ઝઘડો

# ફટાકડા ફોડવાની નજીવી બાબતે યુવકને મોતને ઘાટ ઉતારાયો

જૂનાગઢ,તા.૨૧

દિવાળીની રાત્રે જૂનાગઢમાં એક અત્યંત કરૂણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ફટાકડા ફોડવા જેવી નજીવી બાબતે થયેલી માથાકૂટમાં ૨૮ વર્ષીય યુવક દિવ્યેશ ચૂડાસમા નામના યુવકે જીવ ગુમાવવો પડ્યો છે. મધુરમ રોડ પર થયેલા આ જીવલેણ હુમલાથી સમગ્ર શહેરમાં શોક અને આક્રોશની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દિવાળીની મોડીરાત્રે મધુરમ વિસ્તારમાં રોડની બંને બાજુએ લોકો ફટાકડા ફોડી રહ્યા હતા. આ દરમિયાન અમૂલ એપાર્ટમેન્ટ નજીક દિવ્યેશ ચૂડાસમાની ફટાકડા ફોડવા બાબતે એપાર્ટમેન્ટમાં રહેતી વ્યક્તિઓ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડાએ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. ઉશ્કેરાયેલા એક મહિલા સહિત ત્રણથી વધુ હુમલાખોરોએ અચાનક દિવ્યેશ પર પાઈપ, ધોકા અને લાકડી જેવા ઘાતક હથિયારો વડે હુમલો કરી દીધો હતો.

આ જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ૨૮ વર્ષીય દિવ્યેશ ચૂડાસમાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં દિવ્યેશના માથામાં તીક્ષ્ણ હથિયારના ઘા લાગ્યા હોવાનું બહાર આવ્યું છે. આ હુમલામાં દિવ્યેશનો મિત્ર નિશિત વાઘેલા પણ ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યારે મૃતક દિવ્યેશના મૃતદેહનેપોસ્ટમોર્ટમ અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં મધુરમ રોડ પર લોકોના ટોળેટોળાં એકત્રિત થયા હતા, જેના કારણે વાતાવરણ તંગ બની ગયું હતું.

ઘટનાની ગંભીરતા જોતા પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે સ્થાનિકોની પૂછપરછ અને સીસીટીવી ફૂટેજના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ આ હત્યાના કેસમાં એક મહિલા સહિતના ત્રણ શકમંદોની ધરપકડ કરવામાં આવી છે. ત્રણેય શકમંદોને વધુ પૂછપરછ માટે સી-ડિવિઝન પોલીસ મથકે લઈ જવામાં આવ્યા છે.

મૃતક દિવ્યેશ ચૂડાસમા અને તેની માતા બે એકલા રહેતા હતા, દિવ્યેશ ખાનગી નોકરી કરીને ગુજરાન ચલાવતો. દિવાળી રાત્રે પુત્ર ગુમાવતાં માતા પર દુખનું આભ તૂટી પડ્યું છે. કારણ કે થોડા દિવસ પહેલાં જ દિવ્યેશના ભાઈએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું હતું, જયારે આ આઘાતમાં તેના પિતાનું પણ નિધન થયું હતું. હાલ માતા-પુત્ર એકલવાયું જીવન જીવી રહ્યા હતા. ત્યારે હવે દિવાળીની રાત્રે એકના એક પુત્રના અકાળે મોતે વૃદ્ધ માતા પર આભ ફાટી પડ્યા જેવો ઘેરો આઘાત પહોંચાડ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### ઈશિતે ઇન્સ્ટાગ્રામ પર એપિસોડની ક્લિપ સાથે વીડિયો શેર કર્યો

# કેબીસીમાં અમિતાભ સાથે વર્તન માટે ૧૦ વર્ષના ઈશિતે માંગી માફી

મુંબઈ, તા.૨૧

'કૌન બનેગા કરોડપતિ ૧૭ જુનિયર'માં તાજેતરમાં જોવા મળેલા ૧૦ વર્ષીય ઈશિત ભટ્ટે અમિતાભ બચ્ચન સાથેના વર્તન માટે માફી માંગી છે. ગાંધીનગરના આ બાળકે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાના વર્તન પર પસ્તાવો વ્યક્ત કર્યો અને કહ્યું કે તેનો એવો કોઈ ઈરાદો નહોતો.ઈશિત ભટ્ટ હોટસીટ પર બેઠો અને રમત રમી, પરંતુ તેની રમત કરતાં અમિતાભ બચ્ચન સાથેનું વર્તન વધુ ચર્ચામાં આવ્યું હતું. અમિતાભ જ્યારે પ્રશ્ન પૂછતા ત્યારે ઈશિત વિકલ્પો આવે તે પહેલાં જ જવાબ આપી લોક કરવા કહેતો હતો.નિયમો સમજાવવા જતાં તેમને અટકાવીને કહ્યું કે 'રૂલ્સ સમજાવવા ન બેસો, મને બધું ખબર છે.' આ વર્તનથી લોકો ગુસ્સે થયા અને તેને ખરાબ વાતો કહી, તેમજ પરિવારની પરવરિશ પર પણ સવાલ ઉઠાવ્યા.ઈશિતે ઈન્સ્ટાગ્રામ પર એપિસોડની ક્લિપ સાથે વીડિયો શેર કર્યો અને અમિતાભ તથા કેબીસી ટીમ પાસે દિલથી માફી માંગી હતી. તેણે કહ્યું કે તેના વાણીથી ઘણાને દુઃખ થયું અને તેને ખૂબ પસ્તાવો છે. તે વખતે તે ગભરાઈ ગયો હતો અને વર્તન ખોટું થઈ ગયું, પરંતુ બેરુખું વર્તન કરવાનો ઈરાદો નહોતો. તેણે અમિતાભ અને ટીમનો આદર વ્યક્ત કર્યો.ઈશિતે વધુમાં કહ્યું કે આ ઘટના બાદ તેણે મોટી શીખ મળી છે કે શબ્દો અને વર્તન વ્યક્તિની ઓળખ બનાવે છે, ખાસ કરીને મોટા મંચ પર. તેણે વચન આપ્યું કે આગળ તે વધુ વિનમ્ર, આદરપૂર્ણ અને વિચારશીલ રહેશે. તેમણે સમર્થન આપનારાઓનો આભાર માન્યો અને ગલતીમાંથી શીખવાની તક મળી તેની વાત કરી.ઈશિતના પોસ્ટ પર યુઝર્સની મિશ્ર પ્રતિક્રિયાઓ આવી છે. કેટલાકે તેને સમર્થન આપ્યું, જ્યારે કેટલાકે હજુ પણ ટોન્ટ માર્યા હતા. પરંતુ ઘણાએ તેનો બચાવ કર્યો કે તે બાળક છે, તેને ભૂલનો અહેસાસ થયો અને માફી પણ માંગી લીધી છે.

# સોના કરતાં મૂલ્યવાન સંઘર્ષ, આત્મીયતા, પ્રેમ, પ્રવાસ, વિદાય, મિલન અને ખુમારી જેવા અનુભવોને ધન માનીએ તો કેમ ?

સોના કરતાં મૂલ્યવાન સંઘર્ષ, આત્મીયતા, પ્રેમ, પ્રવાસ, વિદાય, મિલન અને ખુમારી જેવા અનુભવોને ધન માનીએ તો કેમ?

સોનાનો ભાવ અત્યારે એક લાખ ૩૦ હજાર રૂપિયા બોલાય છે. આપણાં દેશમાં લોકો એવું માને છે કે સોનું એ સમૃદ્ધિ, સલામતી, દિવ્યતા અને સંસ્કૃતિનું પ્રતિક છે. જોકે, ભારતમાં મેં જે જોયું છે, જે અનુભવ્યું છે એના પરથી હું સો ટકા માનું છે કે, સોનું એ લાલચ, અસલામતી, દંભ અને કકળાટનું પ્રતિક પણ બની શકે છે. જયાં સામાજિક સંબંધો પ્રેમના બદલે વહેવાર પર વધુ ટકેલા છે, ત્યાં સોનું એ આપવા—લેવાની અને ગણતરી કરવા માટેની વસ્તુ બની જાય છે.

મા—બાપ દીકરીના લગ્ન કરાવે છે, ત્યારે જયાં 'કેટલા તોલા આપ્યું ?' અને 'કેટલા તોલા લાવી ?' પરથી વાત શરૂ થતી હોય છે ત્યાંની આ વાત છે. સાસરીવાળાએ વહુને કેટલું આપ્યું અને પિયરવાળાએ જમાઈને કેટલું આપ્યું, એનું જયાં મહત્વ છે ત્યાંની આ વાત છે. જયાં વહુને સોનાથી લાદી દીધી હોય તો ફકત એ જ કારણથી સાસરીવાળા ' સુપિરિયર ક્વોલિટી'ના ગણાતા હોય એ દેશની વાત છે. જયાં જમાઈને લગ્ન પર સોનાનો હાર અને વીંટી કરાવી આપવા ફરજિયાત ગણાય છે, એ સમાજની આ વાત છે. સ્ત્રીને લક્ષ્મીનું સ્વરૂપ ગણતા હોય ત્યાં સુધી બરાબર હતું. પણ થયું એવું કે, લક્ષ્મી એટલે ધન અને દ્રવ્ય. કમનસીબી કે, દ્રવ્યને માપી શકાતું હોય છે, દ્રવ્યની કિંમત આંકી શકાતી હોય છે.. સોનાની લેવડ—દેવડ સાથે ચાલુ થતા સંબંધો પૂરાં થાય ત્યારે સોનાનો અરસપરસ હિસાબ કરવો પડતો હોય છે. લોકો અજીબ રીતે દેખાડો કરતાં હોય છે. કેટલા તોલા આપ્યું અને કેટલા તોલા મળ્યું એની ચર્ચા ગર્વથી થતી હોય છે. અને એ વાતો બિનવ્યવહારૂ નથી ગણાતી, એ વિચારીને નવાઈ લાગે છે. આપવા—લેવાના દોર પતે, પછી તુલના અને ગણતરીનો દોર ચાલુ થાય છે. કેટલીય સ્ત્રીઓ એવી જોઈ છે કે, જે સોનાના કેટલા ઘરેણાં કરાવી આપે છે ફકત તેના પરથી પતિના પ્રેમને માપતી હોય છે. મતલબ, પતિ સાથે સારો નજદીકીવાળો સમય વિતાવવાથી પણ જે પ્રેમ નથી અનુભવાતો તે સોનાનું નેકલેસ ગિફટમાં મળવાથી અનુભવાતો હોય છે. એટલે કે, કુદરતી શારીરિક—માનસિક આવેગો કરતાં દ્રવ્ય ચડિયાતું સાબિત થાય છે. દસકાઓ અગાઉ ગુજરી ગયેલાં મમ્મી કે દાદીમાનું સાચવી રાખેલું સોનું બીજા કશા કામમાં નથી આવતું, પણ ભાઈઓ—બહેનો વચ્ચે કડવાશનું કારણ જરૂર બનતું હોય છે.

એવાં ઘર પણ જોયા છે જયાં ઘરના દરેક મેમ્બરનું બેંકમાં અલગ અલગ લોકર હોય. એટલા માટે નહિ કે, એક લોકરમાં સમાય નહિ એટલું બધું સોનું છે. એટલા માટે કે, દરેકને મળેલું સોનું પોતાની પાસે રહે, અને ભવિષ્યમાં કોઈ કન્ફયુઝન અને કકળાટ ન થાય. અને તે છતાં, ચર્ચાઓ થતી જોઈ છે કે, 'મેં તને આટલું આપ્યું હતું, ભૂલી ગઈ ? તારા લોકરમાં જોઈ લેજે.' અને સામે જવાબ પણ એવો મળે, 'તમે કશું આપ્યું નથી. આપ્યું હશે તો એટલું ઓછું હશે કે મને યાદ પણ ન રહે.' જે દ્રવ્ય નજર સામે નથી, જે દ્રવ્યને તાળામાં સાચવવા માટેના પૈસા ઉપરથી બેંકને રેગ્યુલર ચૂકવવા પડતા હોય છે, અને ઘણીવાર જે દ્રવ્ય પોતાની માલિકીનું હોવા છતાં વર્ષોથી પોતે પણ જોયું નથી હોતું, તેના માટે લોકો ઝઘડતાં હોય છે.

જે વાપરો છો એ જ તમારૂ છે. જે પડયું રહે છે તે પડયું જ રહે છે. લોકો ખુશ થઈને કહેતાં હોય છે, 'સોનાનો ભાવ દસ હજાર રૂપિયા હતો ત્યારે લીધું હતું, પચાસ હજારને પાર થયું ત્યારે વેચીને રોકડા કરવાનો વિચાર આવી ગયેલો. પણ સારૂ થયું ન વેચ્યું. અત્યારે એક લાખ ઉપર છે.' આવું કહેનારને એક્ચ્યુલ ફાયદો શું થયો તે સમજવું મારા ગજાની બહાર છે. કારણકે, થોડા સમયમાં સોનાનો ભાવ પચાસ કરોડ થશે ત્યારે પણ તે વિચારશે કે, ભલે પડયું રહેતું, હજુ ભાવ વધશે, હજુ વધારે કાલ્પનિક મજા આવશે. ભવિષ્યમાં કામ લાગશે, ખરાબ સમયમાં કામ લાગશે. એમ વિચારીને વર્ષોના વર્ષો સુધી (એક્ચ્યુલી જિંદગીભર, અને પેઢીઓ સુધી) દ્રવ્યને સાચવી રાખવું એ સલામતીની નિશાની છે કે અસલામતીની?

હશે, મારી સાથે મોટાભાગના લોકો સહમત નહિ થાય. પૈસા, માલ—મિલકત અને દ્રવ્ય બાબત કંઈક આવા અનુભવો અને માનસિકતા અલગ અલગ હોય છે. લોકો પૈસા કમાવવા માટે વિદેશ જતાં હોય છે, અને અહીં આવ્યા પછી અહીંનાં વાતાવરણે એમાં ઈંધણ પૂરવાનું કામ કર્યુ. અહીંનાં લોકો પાસે બેંકમાં સોનું નથી હોતું. પણ જે રીતે આપણે દ્રવ્ય ભેગું કરવા માટેનો ધ્યેય રાખીએ છીએ,

''મેકેનાઝ ગોલ્ડ !'' પ્રસિદ્ધ અંગ્રેજી ફિલ્મ હતી. જેમાં સોનુ શોધવા થોડા લઈ અજાણ્યા પ્રદેશોમાં નીકળી પડતા સરફરોજોની જોમદાર કહાની હતી. તો પારામાંથી સોનુ બનાવવા '' કિંમ્યાગરો''ના યુગ પણ ચાલ્યા ! પેલી આપડી વાર્તા છે ને કે રાજાએ વરદાન માગ્યું કે હું જેને સ્પર્શ કરૂ એ સોનાનું બની જાય!! પરંતુ રાજા મિડાસને પણ તેના પ્રિય સંતાનો સોનુ બની ગયા અને પસ્તાવાનો પાર ન રહ્યો. ''મિડાસ ટચ !'' કહેવત તેની પરથી ને ત્યારથી પડી.

રાજા ગ્રીકનું નામ હતું મિડાસ. કોઈ મહાપુરૂષ જે બાબતને હાથમાં લે તેનું મૂલ્ય વધી જાય એ અર્થમાં તે કહેવત વપરાય છે. હજુ પણ સોનાના દાગીના ધોવાના નામે નકલી સોનું પણ ધાબડી દેવામાં આવે છે રાસડો, વિનો સૌથી વધુ સોનુ ધારણ કરેલ આહીરાણીઓનો. દ્વારકા મુકામે યોજાયેલ એ રીતે અહીં લોકો જાત જાતના અનુભવો ભેગા કરવા માટેનો ધ્યેય રાખતાં હોય છે, અનુભવો ભેગાં થઈને જિંદગી બનતી હોય છે. સોનું ભેગું થઈને કશું જ નથી બનતું. સોનું ભેગું કરનારાં એક પછી એક મૃત્યુ પણ પામતા હોય છે, તોય એમનું સોનું તો બેંકમાં અને તિજોરીમાં જ રહી જતું હોય છે. કકળાટ, દંભ અને લાલચનાં અનુભવોથી બનેલી જિંદગીને જિંદગી કઈ રીતે કહેવી? સંઘર્ષ, આત્મીયતા, પ્રેમ, પ્રવાસ, વિદાય, મિલન અને ખુમારી જેવા અનુભવોને ધન માનવા માટેની તમને સહેજ પણ ઈચ્છા થતી હોય તો....

**—પ્રસ્તુતિ : બિપીનભાઈ પાંધી**
**હર્ષદભાઈ જોશી—સાવરકુંડલા**

દરેક ગ્રાહક મિત્રોને દિવાળી તેમજ નવા વર્ષની શુભેચ્છાઓ...
આ દિવાળીના તહેવારોમાં ઘરે લાવો ખુશીયાં...
TVS શ્રી રામ ટી.વી.એસ.
સ્વદેશી અપનાવો, દેશ બચાવો
TVS 5 YEAR WARRANTY
શ્રી રામ ટી.વી.એસ.
ઉના-ભાવનગર રોડ, નેશનલ હાઈવે ૮-ઈ, ચાજપુર, તા.ઉના. Mo. 86928 98792



શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
દિવાળીના પાવન પ્રસંગે શુભેચ્છા પાઠવા બદલઆપ સૌનો ખૂબ ખૂબ આભાર.
આપને તથા આપના પરિવારને પણ દીપાવલીની ખૂબ ખૂબ શુભેચ્છા અને નુતન વર્ષાભિનંદન
નવુ વર્ષ આપના તથા આપના પરિવાર માટે સુખદાયી, નીરોગી અને સમૃદ્ધિ ભર્યુ નીવડે તેવા
દિલથી શુભેચ્છાઓ...
શ્રીમતિ ભગવતીબેન પી.સાંખટ
પ્રમુખશ્રી
તાલુકા પંચાયત-ગીરગઢડા
શ્રી પ્રવિણભાઈ સાંખટ
પ્રમુખશ્રી જિલ્લા ભાજપ
અ.જા.મોરચો-ગીરસોમનાથ



નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
HAPPY New Year
આપને આપના પરિવારને દિપોત્સવી પર્વ તથા
નૂતન વર્ષની શુભેચ્છાઓ...
શ્રીમતિ કડવીબેન પાંચાભાઈ બાંભણીયા
(સરપંચશ્રી)
: શુભેચ્છક :
શ્રી કાનાભાઈ પાંચાભાઈ બાંભણીયા
(સરપંચશ્રી પતિનિધિ)
ખાંપટ ગ્રામ પંચાયત કચેરી
મુ. ખાંપટ, તા. ઉના, જી. ગીર સોમનાથ.



આપને અને આપના પરિવારને શાળા પરિવાર વતી,
દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા....
નર્સરી | જુ.કેજી | સિ.કેજી | ધોરણ-૧ થી ૧૨
સાયન્સ | કોમર્સ | આર્ટ્સ
સાયન્સ સ્કૂલ । હોસ્ટેલ સુવિધા । બસ સુવિધા
ધોરણ - 11 - 12 સાયન્સ માટે
JEE - NEET - GUJCET - ગુજરાત બોર્ડ
સ્વામિ વિવેકાનંદ સંકુલ-ઊના
ને.હા.-8E, ભાવનગર રોડ, મુ.ચાજપુર, તા.ઊના, જી.ગીર સોમનાથ.
Web: www.svsciencecollege.in | E-mail : infosvsankul@gmail.com



નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
દિવાળીના પાવન પ્રસંગે શુભેચ્છા પાઠવા બદલઆપ સૌનો ખૂબ ખૂબ આભાર.આપને તથા આપના પરિવારને પણ દીપાવલીની ખૂબ ખૂબ શુભેચ્છા અને નુતન વર્ષાભિનંદનનુ વર્ષ આપના તથા આપના પરિવાર માટે સુખદાયી, નીરોગી અને સમૃદ્ધિ ભર્યુ નીવડે તેવા દિલથી શુભેચ્છાઓ...
શ્રી ભીખાભાઈ કાળાભાઈ કીડેચા
તા.પ.ઉપપ્રમુખ પ્રતિનિધિ-નિવૃત ત.ક.મ.
શ્રી દિવાળીબેન ભીખાભાઈ કીડેચા
ઉપપ્રમુખ : તા.પ.ગીરગઢડા
:: શુભેચ્છક ::
મું. ગીરગઢડા
જિ.ગીરસોમનાથ



ARB COLLEGE
Education
Is The Movement
from Darkness TO LIGHT
WISH YOU AND YOUR FAMILY
HAPPY DIWALI
UG COURSES OFFERED
BBA, B.SC, BCA, BSW
PG COURSES OFFERED
LL.B., LL.M., MSW, M.COM
Setting Milestones Since 2008
A.R.BHATT COMPUTER SCIENCE COLLEGE
Anandvadi, Veraval Road, Una, Dist. Gir-somnath. 73599 00080, 90999 06575



શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
दीप जगमगाते रहें,
सबके घर झिलमिलाते रहें,
साथ हों सब अपने
सब यूँही मुस्कुराते रहें.
दिवाली की
हार्दिक शुभकामनाएं
ગીર ગઢડા ગ્રામ પંચાયત કચેરી
મુ. ગીર ગઢડા
તા. ગીર ગઢડા
જી. ગીરસોમનાથ



શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
દિવાળીના પાવન પ્રસંગે શુભેચ્છા પાઠવા બદલઆપ સૌનો ખૂબ ખૂબ આભાર.આપને તથા આપના પરિવારને પણ દીપાવલીની ખૂબ ખૂબ શુભેચ્છા અને નુતન વર્ષાભિનંદનનુ વર્ષ આપના તથા આપના પરિવાર માટે સુખદાયી, નીરોગી અને સમૃદ્ધિ ભર્યુ નીવડે તેવા દિલથી શુભેચ્છાઓ...
શ્રીમતિ દક્ષાબેન ભરતભાઈ શિંગડ
સરપંચશ્રી : મોટા ડેસર, ગ્રામ પંચાયત
શ્રી ભરત શિંગડ
સદસ્ય ગ્રામ પંચાયત તથા સરપંચ પ્રતિનિધિ
:: શુભેચ્છક ::
મોટા ડેસર, ગ્રામ પંચાયત
ઉપસરપંચ, તલાટી કમ મંત્રી
મુ.મોટા ડેસર, તા.ઉના, જિ.ગીર સોમનાથ



24 hr EMERGENCY SERVICE
A+ એપેક્ષ પ્લસ
મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પીટલ
અત્યાધુનિક સાધનોથી સજ્જ
IVF સેન્ટર
ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર
અનુભવી ડોક્ટરોની ટીમ :
ડો. મનોજ માનસેતા (M.S. Surgeon) જનરલ તથા લેપ્રોસ્કોપિક સર્જન
ડો. અરવિંદ સી. કાતરીયા (M.D. Gynec) સ્ત્રીરોગ તથા વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
ડો. જી. એમ. કલસરીયા (M.D. Physician) આઈ.સી.યુ. એન્ડ ક્રિટીકલ કેર સ્પેશિયાલિસ્ટ
ડો. રજનીકાંત જાલોંધ્રા (M.D. Pediatrician) બાળરોગ નિષ્ણાંત
ડો. ચેતના કલસરીયા (M.D. Anaesthesia) એનેસ્થેસિયોલોજી
ડો. મોનિકકુમાર પટેલ (M.S. Orthopedic) ઓર્થોપેડીક વિભાગ
ડો. વિમલ કવા (M.P.T. Ortho) ફિઝીયોથેરાપીસ્ટ
ઓર્થોપેડીક વિભાગ કાર્યરત થયેલ છે
Happy Diwali
વાહન અકસ્માતની સરકારશ્રીની ૪૮ કલાકની યોજના નો લાભ મળશે.
ઉપલબ્ધ સુવિધાઓ ::
- અદ્યતન આઈ.સી.યુ./આઈ.સી.સી.યુ.
- એન.આઈ.સી.યુ. / પી.આઈ.સી.યુ.
- ટ્રોમા સેન્ટર
- સ્પે. રૂમ્સ / એ.સી. - નોન એ.સી. રૂમ્સ
- સોનોગ્રાફી / પેથોલોજી લેબોરેટરી
- સેન્ટ્રલાઈઝ એ.સી.થી સજ્જ હોસ્પિટલ
- દાઝેલા તથા ઝેરીદવાનાં કેસોની સારવાર
- મેડિકલ સ્ટોર
- મોડ્યુલર ઓપરેશન થીએટર
- અદ્યતન લેપ્રોસ્કોપીક યુનીટ
- સેન્ટ્રલાઈઝ ઓક્સીજન
- દર્દીમાટે લીફ્ટની સુવિધા
સંપૂર્ણ રસીકરણ સેન્ટર | ડાયાલિસીસ સેન્ટર
ઉમીયાધામ પટેલવાડીની સામે, ગીરગઢડા રોડ, ઊના, જિ. ગીર સોમનાથ, ૯૧૭૯૧ ૨૪૭૨૪

રાજ્યમાં હજુ સાત દિવસ માવઠાની આગાહી

# દક્ષિણ ગુજરાતમાં પડી શકે છે વરસાદ, ૨૫ ઓક્ટોબર બાદ વધશે વરસાદનું જોર

**હવામાન વિભાગના ડાયરેક્ટર એમ.કે.દાસના જણાવ્યા અનુસાર આગામી ૫ દિવસ સુધી પણ આવુ જ વાતાવરણ રહેશે**

અમદાવાદ,તા.૨૧

રાજ્યના ખેડૂતો માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી સાત દિવસ માવઠુ જોવા મળશે. ૨૫ ઓક્ટોબર બાદ રાજ્યમાં ચોમાસા જેવો માહોલ જામશે. જેમા દક્ષિણ ગુજરાત, મઘ્ધ્ય હગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ વરસી શકે છે.

દિવાળીની દિવસથી રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે અને વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એમ.કે.દાસના જણાવ્યા અનુસાર આગામી ૫ દિવસ સુધી પણ આવુ જ વાતાવરણ રહેશે. જો કે અમદાવાદમાં હાલ વરસાદની કોઈ શક્યતા નથી. હાલ ગુજરાતની આસપાસ ૨ વરસાદી સિસ્ટમ જોવા મળી રહી છે.જેના કારણે ગુજરાતમાં ઓક્ટોબરમાં ચોમાસાનો માહોલ જામ્યો છેપહજુ પણ આગામી ૭ દિવસ સુધી ગુજરાતમાં માવઠાની આફત જોવા મળશે.

છેલ્લા ૭ દિવસ થઈ ગયા દક્ષિણ ગુજરાતમાં વરસાદ જોવા મળી રહ્યો છે અને હજુ પણ આગામી દિવસોમાં પણ માવઠાનો કહેરથી રાહત મળવાની કોઈ શકયતાઓ નથી. ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલનું અનુમાન છે કે આગામી દિવસમાં બંગાળના ઉપસાગરમાં એક સિસ્ટમ બનશે. જે બાદ અરબી સમુદ્રમાં પણ એક મજબૂત સિસ્ટમ ઉભી થશે. આ બંને સિસ્ટમના કારણે ૪ નવેમ્બર સુધીમાં ચોમાસા જેવો માહોલ સર્જાશે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની શક્યતા રહેશે. કચ્છ, ઉત્તર ગુજરાતના ભાગોમાં પણ વરસાદની શક્યતા રહેશે.

ઓક્ટોબરના અંતમાં પણ મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. જેના લીધે દેશ સહિત ગુજરાતના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ રહેશે. ભરશિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાશે.

ત્યારબાદ દક્ષિણ ભારતમાં અતિ ભારે વરસાદ થવાની શક્યતાઓ છે, તેની અસર ગુજરાતના વાતાવરણ ઉપર થશે. બંગાળના ઉપસાગરમાં ૧૮ નવેમ્બર બાદ બીજું એક વાવાઝોડું બનવાની શક્યતા રહેશે, જેની અસર પણ ગુજરાતના વાતાવરણ પર થશે. આમ માવઠાનો કહેર આગામી દિવસોમાં પણ યથાવત્ રહી શકે છે. શિયાળામાં પણ ચોમાસાથી રાહત મળવાની કોઈ શકયતાઓ નથી.

દરખાસ્ત રજૂ કરતી વખતે ભૂલો ન થાય તે માટે સ્કૂલોને ચેકલિસ્ટ પણ મોકલાયું

# ખાનગી સ્કૂલોને ૩૧ ઓક્ટોબર સુધી ફી મંજૂરી માટેની દરખાસ્ત મોકલવા તાકીદ

**સ્કૂલોએ બે નકલમાં ફાઈલો તૈયાર કરી શાળા બીટના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર સમક્ષ યોગ્ય ચકાસણી કરાવી લેવાની પણ તાકીદ કરાઈ**

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ ઝોનના તમામ જિલ્લાઓની ખાનગી સ્કૂલોને 31 ઓક્ટોબર સુધીમાં ફી મંજૂરી માટેની દરખાસ્ત રજૂ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે, આ સમયગાળા દરમિયાન દિવાળી વેકેશન હોવાના લીધે સંભવત મુદતમાં વધારો થઈ શકે તેમ નિષ્ણાંતોનું માનવું છે. સ્કૂલો દ્વારા ફી કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ કરતી વખતે અનેક પ્રકારના છબરડા કરવામાં આવતા હોવાના લીધે ફી કમિટી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી મારફત સ્કૂલોને ચેકલિસ્ટ પણ મોકલી આપ્યું છે. જેથી તેની મદદથી સ્કૂલો દ્વારા કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ કરી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ ઝોનની ફી રેગ્યુલેટરી કમિટી (FRC)એ જિલ્લાના DEO-DPEO મારફતે સ્કૂલોને સૂચના આપી છે. જેમાં જણાવાયું છે કે, ખાનગી સ્કૂલો દ્વારા સમયાંતરે ફી કમિટી સમક્ષ જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી ફી મંજૂરી માટે દરખાસ્તો રજૂ કરવામાં આવતી હોય છે. જેમાંથી ઘણી દરખાસ્તો ભૂલોવાળી, અધુરી, જુદી જુદી ક્ષતિઓ વાળી ફાઈલો રજૂ થતી હોવાનું તપાસ દરમિયાન સામે આવી છે. જેથી ઝડપથી અને સરળતાથી ફી મંજૂરીની કામગીરી થતી નથી અને પૂર્તતાઓ કરવામાં સમયનો વ્યય થાય છે. જેથી તમામ સ્કૂલોએ ફી મંજૂરી માટેની દરખાસ્ત કેવી રીતે કરવી એ અંગેનું ચેક લિસ્ટ સ્કૂલોને મોકલી અપાયું છે. જેથી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ ચેકલિસ્ટ સ્કૂલોને મોકલી અપાયું છે અને તેની મદદથી દરખાસ્ત કરવા માટે સૂચના આપી છે. અમદાવાદ શહેર ડીઈઓએ તમામ સ્કૂલોને પરિપત્ર મારફતે સૂચના આપી છે કે, સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27ના માટે શાળાની ફી મંજૂર કરાવવા માટેની દરખાસ્ત આગામી 31 ઓક્ટોબર સુધી રજૂ કરી દેવાની રહેશે. સ્કૂલોએ બે નકલમાં ફાઈલો તૈયાર કરી શાળા બીટના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર સમક્ષ યોગ્ય ચકાસણી કરાવી લેવાની પણ તાકીદ કરાઈ છે. દરખાસ્તમાં રૂ.15 હજાર, રૂ.25 હજાર અને રૂ.30 હજારથી વધુ ફી લેતી સ્કૂલોનો સમાવેશ થાય છે. એ સિવાયની સ્કૂલોએ એફિડેવિટ ઓનલાઈન રજૂ કરવાની સૂચના આપી છે.

ફ્રેન્ડલી ફાઈટ NDAએ માર્યો ટોણો

# બિહારમાં કોંગ્રેસ-RJD મહાગઠબંધનમાં પેચ ફસાયો

**ગઠબંધનના પક્ષો વચ્ચે ઓછામાં ઓછી ૧૧ બેઠકો પર સીધી લડાઈ થશે, જે વિપક્ષમાં સંકલનના ગંભીર અભાવને ઉજાગર કરે છે**

બિહાર,તા.૨૧

બિહાર વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કાના મતદાનને ગણતરીના દિવસો બાકી છે ત્યારે વિપક્ષી મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીને લઈને સર્વસંમતિનો અભાવ સ્પષ્ટપણે સામે આવ્યો છે. ઉમેદવારોની યાદીના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે ગઠબંધનના પક્ષો વચ્ચે ઓછામાં ઓછી ૧૧ બેઠકો પર સીધી લડાઈ થશે, જે વિપક્ષમાં સંકલનના ગંભીર અભાવને ઉજાગર કરે છે.

આરજેડીએ ૧૪૩ ઉમેદવારોની જે યાદી જાહેર કરી છે તેમાં વૈશાલી, સિકંદરા, કહલગાંવ, સુલતાનગંજ, નરકટિયાગંજ અને વર્સાલીગંજ જેવી છ બેઠકોનો સમાવેશ થાય છે, જ્યાં કોંગ્રેસે અગાઉથી જ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. તમામની નજર હવે ૨૩મી ઑક્ટોબર પર છે, જે બીજા તબક્કા માટે નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ છે. ત્યાં સુધીમાં વિપક્ષી છાવણીમાં કોઈ સમાધાન થાય છે કે કેમ તે સ્પષ્ટ થશે.મહાગઠબંધનમાં આંતરિક વિભાજનને પગલે NDA અને ચિરાગ પાસવાનને વિપક્ષ પર પ્રહાર કરવાનો નવો મુદ્દો મળી ગયો છે.

